**શિક્ષિત બનો** **સંગઠિત બનો** **સંઘર્ષ કરો**

- હજુ અનાજ આવ્યુ નથી, અઠવાડીયા પછી આવશે
- પહેલા ઘર બાંધો, પછી યોજનાનો ચેક મળશે
- આ યોજના તો બંધ થઈ ગઈ.
  આવો જવાબ મળે, ને આપણે ધક્કા ખાવાના?
- ગામનો નકશો? ગ્રામસભાના ઠરાવો?
  પંચાયતના ખર્ચનો હિસાબ?
  સામજિક ન્યાય સમિતિની વિગત?
  આ માહીતી તમને ના મળે,
  એ તો **સરકારી કહેવાય**




**માહિતીની માલિકી પ્રજાની છે**
**ના આપે તો જોગવાઈ સજાની છે**

માામુ, તમને ''મામા'' બનાવે છે.
કારણ કે સાચી વાત તમને ખબર પડી જાય તો?
તો, તેમનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડી જાય
પણ તમારે સાચી માહિતી જોઈએ છે? તો,
માહિતીના અધિકારનો હક્કથી ઉપયોગ કરો.

**જાણી લે તુ ''માહિતીનો કાયદો''**
**હવે કદી ના ''મામુ'' બનતો**

# માહિતીનો અધિકાર આવ્યો, ભ્રષ્ટાચારનો અંત લાવ્યો

### માહિતીનો અધિકાર એટલે,

- કામ, દસ્તાવેજો અને દફતર ચકાસણીનો અધિકાર
- નોંધ કરવાનો, ઉતારો લેવાનો કે પ્રમાણિત નકલ લેવાનો અધિકાર
- નમૂનાઓ લેવાનો અધિકાર
- ઈલેક્ટ્રોનિક્સ સાધનોથી માહિતી મેળવવાનો અધિકાર
- એવી માહિતી કે જે બહાર આવવી જાહેર હિતમાં આવશ્યક હોય તે મેળવવાનો અધિકાર
- માહિતી કે જે સંસદ કે રાજ્ય વિધાનસભાના સભ્યને નકારી શકાય નહિ તે કોઈપણ વ્યક્તિને નકારી શકાશે નહિ.

### માહિતીના અધિકારને લીધે,

- વહીવટમાં પારદર્શક્તા આવશે.
- ભ્રષ્ટાચાર ઉપર નિયંત્રણ આવશે, નાબૂદ થશે.
- તમારા કામની પ્રગતિ જાણી શકાશે.
- વહીવટી કાર્યમાં જવાબદારી નક્કી થશે.
- વહીવટી કામ ઝડપી અને સરળ બનશે.
- ગેરમાર્ગે દોરનારા, ભ્રષ્ટાચાર કરનારા, માહિતીના અભાવને લીધે વચેટીઆ બની પૈસા ખાનારનો અંત આવશે.

### માહિતી મેળવવા માટે,

- આપને જે માહિતીની જરૂર હોય તેને લાગતી વળગતી કચેરીમાં "માહિતી અધિકારી"ને નિયત નમૂનામાં અરજી કરો.
- અરજી કરનાર વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ.
- માહિતી મેળવવા જરૂરી ફી ભરવી જોઈએ.
- બી.પી.એલ.માં આવતી વ્યક્તિએ કોઈપણ ફી આપવાની રહેતી નથી.
- અરજીની એક નકલ અરજી કરનારે રાખવી તેના ઉપર જે તે કર્મચારીને અરજી આપ્યાની સહી કરાવવી અથવા પહોંચ મેળવવી

*જાણી લે તુ ''માહિતીનો કાયદો'' ઉઠાવી લે હવે એનો ''ફાયદો''*
*માહિતીનો ના તું કરતો ''સોદો''*


**વિકલ્પ** એ/૮, આનંદ ટેનામેન્ટ, વસ્ત્રાપુર રેલવે સ્ટેશન પાસે, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧ E-mail: vikalpahd@gmail.com